

### વડગામમાં ટીટોડીએ મકાનની છત પર ઇંડા મુકતા ચોમાસું સારું રહેવાના એંધાણ

વડગામ તાલુકાના હતાવાડા ગામમાં એક દલિત પરિવારના મકાનના છત ઉપર ટીટોડી એ ઈંડા મુકતા ચોમાસું સારું રહેવા નો વર્તાવ વર્તાયો છે. લોક વાયકા મુજબ ટીટોડી નામનું પક્ષી જો ઈંડા નીચે જમીન ઉપર મુકે તો ચોમાસું નબળુ જવાનુ તેમજ જો ટીટોડી ઈંડા ઉંચે મુકે તો ચોમાસું સારું રહે છે અને ચોમાસામાં ભારે વરસાદ પડતો હોવાની લોક વાયકા છે ત્યારે વડગામ તાલુકાના હતાવાડા ગામમાં રહેતા ખુશાલભાઈ બેચરભાઈ પરમારના મકાનની છત ઉપર ટીટોડી એ ઈંડા મુકતા લોકોમાં ચોમાસું સારું જવાનો વર્તાવ જોવા મળ્યો હોવાનું લોકોએ જણાવ્યું હતું.

# અરવલ્લી-સાબરકાંઠાના જિલ્લાના વાતાવરણમાં પલટો

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં શુક્રવારે સાંજના અને રાત્રીના સુમારે ભારે પવન સાથે ધોધમાર વરસાદ અને વાવાઝોડું ત્રાટકતા ભારે તબાહી સર્જી હતી. અરવલ્લી જીલ્લાના ભિલોડા, મોડાસા અને મેઘરજ તાલુકામાં તબાહી સર્જી હતી ત્યારે રવિવારે બંને જીલ્લાના કેટલાક વિસ્તારોમાં વાતાવરણમાં પલટો આવતા ખેડૂતોમાં ચિંતાની લકીરો તણાઈ હતી.

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં રવિવારે બપોર પછી અચાનક વાતાવરણમાં પલટો આવતા અને હળવા પવન ફૂંકાવાની સાથે આકાશે વાદળો ઘેરાતા વધુ એક વાર કમોસમી વરસાદની દહેશત પેદા થઈ છે. મેઘરજ અને





માલપુર તાલુકાના વિસ્તારોમાં આકાશે કાળા ડિબાંગ વાદળો ઘેરાતા માવઠું થવાની સંભાવવાના પેદા થતા ખેડૂતો ચિંતિત બન્યા છે. બે દિવસ પહેલા થયેલા કમોસમી વરસાદ અને વાવાઝોડાએ ખેતરમાં રહેલા ઉભા પાકનો સોથ વાળી દેતા ભારે નુકસાની સહન કરવી પડી હતી. થોડી ગણી બચેલી ખેતીમાં પણ રવિવારે વાદળો ઘેરાતા ભૂમિપુત્રોના માથે ચિંતાની લકીરો તણાઈ હતી.

અરવલ્લી જીલ્લામાં ૨૨૦ થી વધુ વીજપોલ અને અનેક વૃક્ષો ધરાશાઈ થતા વીજપુરવઠો ખોરવાતા અનેક વિસ્તારોમાં અંધારપટ છવાયો હતો અને હજુ અન્ય ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પુરવઠો પૂર્વરત કરવા તંત્ર સતત કામગીરીમાં જોતરાયેલું છે ત્યારે ફરીથી માવઠાની દેહશતથી કામગીરીમાં અડચણ થવાની સંભાવનાઓને પગલે વહીવટી તંત્ર અને વીજતંત્ર પણ સતર્ક બન્યું છે.

## પ્રાંતિજમાં ભોઇવાસ ખાતે લાખોના ખર્ચે બનાવેલ કોમ્યુનિટી હોલમાં

# અસમાજિક તત્વો દ્વારા તોડફોડ

**ઓઇલ છાંટી કાળા કલરનો છંટકાવ કર્યો : સરકારી માલ-મિલકતને લાખોનું નુકસાન પોહચાડયુ : નગરપાલિકા દ્વારા કોમ્યુનિટી હોલ બનાવવામાં આવ્યો હતો .**







પ્રાંતિજ તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ શીગોડી ભોઈવાસ ખાતે લાખો રૂપિયાના ખર્ચે પ્રાંતિજ નગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલ કોમ્યુનિટી હોલ માં તોડફોડ બાદ કાળો કલર ઓઈલ નો છંટકાવ કરવામાં આવ્યો તો કેટલાક અસામાજિક તત્વો દ્વારા નવીન બનેલ કોમ્યુનિટી હોલ નો નકશો બદલી નાખ્યો.

પ્રાંતિજ ના ભોઈવાસ ખાતે નગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલ કોમ્યુનિટી હોલ કે જેનું હજુ લોકા પણ થયેલ નથી તે હોલમાં આજે કોઈક અસામાજિક તત્વો દ્વારા કોમ્યુનિટી હોલ નો મેન દરવાજો સંડાશ બાથરૂમ ના દરવાજા કાચની બારીઓ સહિતની તોડફોડ કરી સરકારી માલમિલકતને મોટું નુકસાન પોહચાડયુ છે તો હોલ ની બહારની દીવાલો ઉપર અને કોમ્યુનિટી હોલમાં ઓઈલ નો છંટકાવ કરવામાં આવે છે તો આ કોમ્યુનિટી હોલ નું કામ શરૂ થવા ની સાથે એક જ સમાજના બે જૂથો વચ્ચે અંદરોઅંદર અથડામણ થઈ હતી અને આખો મામલો પોલીસ સ્ટેશન સુધી લાંબો થયો છે તો આ અંગે નગરપાલિકાના ચીફ ઓફિસર વિશાલ પટેલનો ટેલિફોનિક સંપર્ક કરતા તેઓએ રવિવારની રજા છે અને આ ઘટના આપના દ્વારા મને જાન થઈ છે અને આવતીકાલે અમે તપાસ કરી આગળની કાર્યવાહી હાથ ધરી શું તેવું જણાવ્યું હતું ત્યારે હાલતો કેટલાક અસામાજિક તત્વો દ્વારા તોડફોડ કરવામાં આવી છે ત્યારે શું પ્રાંતિજ નગરપાલિકા તંત્ર દ્વારા આવા લોકો સામે ફરિયાદ કરશે કે શું એ તો હવે જોવું રહ્યું.

## મોડાસાના બોલુન્દ્રા ગામે વિકાસશીલ ખેડૂતની કાળા તલની વાવણીએ મુશ્કેલી સર્જી : વેચાણ ક્યાં કરવું...?

ઉત્તર ગુજરાતમાં સૌ પ્રથમવાર ઉનાળુ ખેતીમાં કાળા તલની સફળ ખેતી અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના બે પ્રગતિશીલ ખેડૂતોએ કરી છે જો કે હવે આ તલનું વેચાણ ક્યાં અને કેવી રીતે કરવું તે એક સવાલ છે ઉભો થતા ખેડૂતો માટે મોટી મુશ્કેલી ઉભી થઈ છે. ગુજરાતના ખેડુતો હવે પરંપરાગત ખેતી કરતા કંઈક વિશેષ પ્રકારે પાકની વાવણી કરી સારી ઉપજ મેળવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. ત્યારે અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના બોલુન્દ્રા (જીવણપુર) ગામના અનુપસિંહ રહેવર અને લક્ષ્મણસિંહ રહેવર નામના બે ખેડૂતોએ તેમના ખેતરમાં ઉત્તર ગુજરાતમાં પ્રથમવાર કાળા તલની વાવણી કરી છે અને સારી ઉપજની આશા સેવી રહ્યા છે. કાળા તલની ખેતી ગુજરાતમાં ફક્ત સૌરાષ્ટ્રમાં થાય છે. ખેતીની પદ્ધતિમાં જાજો ફેર નથી જેમ સફેદ તલની વાવણી થાય તેવી જ રીતે કાળા તલ પણ વાવવામાં આવે છે. દર દસ દિવસે પાણી અચુક આપવુ પડે છે અને જીવાત પડે તો જંતુનાશક દવાનો છંટકાવ પણ કરવો પડે છે.

કાળા તલ સફેદ તલની સરખામણીમાં મોંઘા ભાવે બજારમાં



વેચાય છે. હાલ એક મણના ઓછામાં ઓછા બે હજાર ઉપજી શકે તેમ છે. જોકે ખેડુતના જણાવ્યા અનુસાર આ તલના બજારની જાણકારીના અભાવે તેનો યોગ્ય ભાવ મળતો નથી. આ તલનો ઉપયોગ પુજા માટે પણ કરવામાં આવે છે અને ઘણી ઔષધીઓમાં પણ ઉપયોગમાં લેવામાં આવે છે. જિલ્લાના ખેડૂતો નવતર અભિગમ અપનાવી વિવિધ પાક લેવાનું સાહસ તો કરી રહ્યા છે પણ યોગ્ય બજારના અભાવે તેમને જોઈએ તેવો ભાવ મળતો નથી.

અરવલ્લી જિલ્લાના ખેડૂતો હવે આધુનિક બન્યા છે વિવિધ જાતનું ઉત્પાદન પણ કરી રહ્યા છે, જો કે ખેડૂતોએ આ પ્રકારનું ઉત્પાદન ક્યાં અને કેવી રીતે વેચવું તેની કોઈ જાણકારી નથી પણ જો ખેડૂતને ચોક્કસ દિશા મળી જાય તો આવનારા દિવસોમાં જિલ્લાનો ખેડૂત ખેતીમાં નવી ખેતીમાં પણ કૌવત બતાવી શકે છે.

**આંજણા ચૌધરી પટેલ સમાજ સેવા મંડળના ઉપક્રમે**

## મોડાસા તાલુકાના આંજણા ચૌધરી સમાજના ૨૬ ગામોના અગ્રણીઓની બેઠક યોજાઇ

મોડાસામાં આંજણા ચૌધરી પટેલ સમાજ સેવા મંડળના ઉપક્રમે મોડાસા તાલુકાના આંજણા ચૌધરી સમાજના ૨૬ ગામોના અગ્રણીઓની બેઠક સમાજના અધ્યક્ષ જશુભાઈ પટેલના પ્રમુખપદે સત્યમ વિદ્યાલય ખાતે યોજાઇ હતી.જેમાં સમાજના અધ્યક્ષ જશુભાઈ પટેલ ઉપરાંત સહકારી આગેવાન કનુભાઈ પટેલ, પ્રમુખ દામુભાઈ અને મહામંત્રી કેશુભાઈ પટેલે સંગઠન મજબૂત બનાવવા ઉપર ભાર મુક્યો હતો. સાબરડેરીના વા.ચેરમેન જયંતિભાઈ પટેલ અને સમાજના મંત્રી અને અરવલ્લી જિલ્લા સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલે મહેમાનોને આવકારીને તાલુકાના ગામોમાંથી ઉપસ્થિત ચૌધરી સમાજના આગેવાનો, યુવાનોને અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના આ સંગઠનમાં પોતાનું યોગદાન અને સાથ સહકાર આપવા અપીલ કરી હતી અને સમાજના અગ્રણીઓના માર્ગદર્શનને અનુસરીને આગળ વધવા ખાસ ભાર મુક્યો હતો. સમાજના વિશાળ સંકુલ માટે જમીન ખરીદવાની થયેલી કામગીરીની જાણકારી આપીને આગળની કામગીરી અંગેની રૂપરેખા મહામંત્રી કેશુભાઈ પટેલે આપી હતી. આ પ્રકારની બેઠકો બન્ને જિલ્લાના અન્ય તાલુકાઓમાં અગાઉ યોજાઈ ગઈ છે. મોડાસા તાલુકામાં પણ બેઠક સંપન્ન થઈ હતી. મોડાસામાં ચૌધરી સમાજના સંકુલમાં આજે મળેલી આ બેઠકમાં મોડાસાના આ સંકુલના પાયાના પ્રણેતાઓ ધારાશાસ્ત્રી હીરાભાઈ પટેલ અને ધારાશાસ્ત્રી ગોરધનભાઈ પટેલ યાત્રા પ્રવાસમાં હોઈ એમની અનુપસ્થિતિ હોઈ એમની મળેલી શુભેચ્છાઓની આ બેઠકમાં નોંધ લેવામાં આવી હતી અને આ બંને મહાનુભાવોની યાત્રા શુભ-મંગલમય રહે માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

## ડીસામાં રેતી ભરેલા વાહનોની બિન્દાસ હેરાફેરી

ડીસા

બનાસકાંઠા જિલ્લાના વેપારી અને તાલુકા મથક ડીસાની નજીકથી બનાસ નદી પસાર થાય છે પરન્તુ ઉપરવાસમાં ડેમ બઁધાતા વર્ષોથી નદી કોરી ધાકોર છે પણ તેની પ્રાકૃતિક સંપદા સમાન કિંમતી રેતીની ખુલ્લેઆમ ચોરી થાય છે જેની રેત માફિયાઓ રોયલ્ટી પણ ભરતા નથી તેથી સરકારને બેવડો ચૂનો લાગે છે તેમછતાં નક્કર કાર્યવાહીના અભાવે નદીના વિશાલ પટમાં જેસીબી વડે રાત દિવસ રેતી ઉલેચાય છે જ્યાંથી રેતી ભરેલા વાહનો ડીસાના જાહેત માર્ગો ઉપરથી પસાર થઈ છેક થરાદ, પાટણ, ધાનેરા, પાલનપુર અને છેક રાજસ્થાનમાં રેતી ઠાલવે છે જેથી નદીનો પટ કોતરોમાં ફેરવાઈ ગયો છે.

### બનાસદાણના ભાવવધારા સામે કિસાનસંઘે કલેકટરને આવેદન આપ્યું

બનાસડેરીએ બનાસ દાણમાં કરેલા ભાવ વધારા સહિતના ખેડૂતોના પ્રશ્નોને લઈને ભારતીય કિસાન સંઘ ખફા થયું છે. બનાસકાંઠા કિસાન સંઘે કલેકટરને આવેદનપત્ર આપી ન્યાયની ગુહાર લગાવી છે.

રાજ્યની ભાજપ સરકારના રાજમાં ખેડૂતોની હાલત કફોડી બનતી જાય છે. એકબાજુ ખાતરમાં ઘટ સાથેનું કૌભાંડ બહાર આવ્યું છે. તો બીજીબાજુ નકલી બિયારણનું કૌભાંડ પણ પજવી રહ્યું છે. ત્યારે પડતા પર પાટું મારતી હોય તેમ બનાસડેરીએ પણ બનાસદાણમાં ભાવ વધારો ઝીંકતા બનાસકાંઠાના ખેડૂતો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ખેડૂતોની વ્હારે ચડતા શુક્રવારે બનાસકાંઠા કિસાન સંઘે કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું.

## પાલનપુર નજીક ત્રણ જુદા જુદા માર્ગ અકસ્માતમાં યુવકનું મોત : પાંચને ઈજા

પાલનપુર

પાલનપુર - આબુ હાઈવે અને અંબાજી હાઈવે ઉપર શનિવારે સર્જાયેલા બે જુદાજુદા અકસ્માતોમાં એક યુવકનું મોત નિપજ્યું હતું. જ્યારે ચાર વ્યક્તિઓને ઈજાઓ થતાં સારવાર અર્થે ખસેડાયા હતા.

બનાસકાંઠામાં અકસ્માતોનો સીલસીલો ચાલી રહ્યો છે. જ્યાંપાલનપુર - આબુ હાઈવે અને અંબાજી હાઈવે ઉપર શનિવારે સર્જાયેલા બે જુદાજુદા અકસ્માતોમાં એક યુવકનું મોત નિપજ્યું હતું. જ્યારે ચાર વ્યક્તિઓને ઈજાઓ થતાં સારવાર અર્થે ખસેડાયા હતા. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ પાલનપુરનો જગતાપ પરિવાર અંબાજી દર્શન કરવા જઈ રહ્યો હતો. ત્યારે દાનાપુરા ગામના વળાંકમાં ટેન્કર ચાલકે ટક્કર મારી હતી. જેમાં કારમાં સવાર પાલનપુરના અંજલીબેન જગતાપ, શ્રધ્ધાબેન જગતાપ, રાજેન્દ્રસિંહ જગતાપ અને શિવમ જગતાપને ઈજાઓ થવા પામી હતી. અકસ્માતને પગલે આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. અને ઈજાગ્રસ્તોને કારમાંથી બહાર કાઢી પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડયા હતા. જ્યારે બીજા અકસ્માતમાં પાલનપુર- આબુરોડ હાઈવે ઉપર ચિત્રાસણી નજીક



પસાર થઈ રહેલા બાઈક ચાલકને અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે, બાઈક સાથે યુવક હાઈવે ઉપર ઘસેડાતા તેના શરીરમાંથી માંસના લોચા નીકળી ગયા હતા. ઘટના સ્થળે દોડી ગયેલી પોલીસે મુર્તદેહ પીએમ અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડી તેની ઓળખ પ્રસ્થાપિત કરવાના પ્રયત્નો હાથ ધર્યા હતા. જેમાં બાઈકનું રજિસ્ટ્રેશન મોડાસા ખાતે અને બાઈક માલિકનું નામ બીપીનભાઈ પ્રજાપતિ હોવાનું જાણવા મળ્યું હતું. જ્યારે ત્રીજા અકસ્માતમાં પાલનપુર - ધાણધા માર્ગ ઉપર મોતીપુરા અને આંબેથા વચ્ચે એક લોડિંગ રીક્ષા રોડ સાઈડના નાળામાં ખાબકી હતી. જેમાં ચાલકને ગંભીર ઈજાઓ થવા પામી હતી.



અરવલ્લીના ધનસુરામાં નવચંડી યજ્ઞ યોજાયો હતો. ધનસુરામાં આવેલ સરદાર પટેલ સોસાયટીમાં નવચંડી યજ્ઞનું આયોજન કરવામા આવ્યુ હતુ. જેમાં ભક્તો જોડાયા હતા. આ યજ્ઞમાં મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. લોકોએ ઉત્સાહભેર આ નવચંડી યજ્ઞમાં ભાગ લીધો હતો. અને દર્શન અને મહાપ્રસાદનો લાભ લીધો હતો.